# ... તાલુકા વિકાસ અધિકારી હોય તો આવા હોવા જોઈએ

**પ્રાંતિજના અમીનપુરમાં ગટરની સમસ્યાને લઈને અહેવાલ પ્રસિધ્ધ થતા તાલુકા વિકાસ અધિકારી તાત્કાલિક અમીનપુર ખાતે દોડી આવ્યા : સરપંચ તલાટીને તાત્કાલિક ધોરણે એક્શન લેવા જણાવ્યું : જરૂર પડે તો બોલ્ક થયેલ ગટર લાઇન માટે ગ્રાન્ટ આપવાં જણાવ્યું**

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના અમીનપુર ખાતે છેલ્લાં છ મહિનાથી ઉભરાતી ગટરને લઈને રહીશો દ્વારા ગ્રામ પંચાયતમાં રોજબરોજ રજુઆતો કરવા છતાં નિવાડો ના આવતાં આખરે રહીશોએ મીડીયાનો સહારો લેતા સમાચારમાં પ્રકાશિત થતા તાલુકા વિકાસ અધિકારી તાત્કાલિક સ્થળ ઉપર દોડી આવી તલાટી સરપંચને સાથે ચર્ચાઓ કરી ઝડપી કાર્યવાહી હાથ ધરવા જણાવ્યું હતું. છેલ્લાં છ મહિનાથી સફાઇ ના થતી ગટરલાઈનની તાત્કાલીક સફાઈ કામગીરી હાથ ધરાતા વિસ્તારના લોકોમાં ખુશી જોવા મલી છે.

અમીનપુર ખાતે છેલ્લા છ મહિનાથી ગટરલાઈનની સમસ્યાને લઈને ઈન્દીરાનગરના રહીશો દ્વારા પંચાયતમાં તથા તલાટીને અનેકવાર રજુઆતો કરવા છતા નઠોર તંત્ર દ્વારા ગામના રહીશોની રજુઆતોને ધ્યાને લેવામાં આવતી ન હતી. રહીશો ગટર તથા મચ્છરજન્ય રોગ સહિતનો ભય તથા ગટરના ગંદુ પાણી ઉભરાતાં દુર્ગંધ મારતા ઈન્દીરાનગરના લોકોના નાકના ટેરવા પણ ચડી જતા હતા. રહીશોએ પંચાયતમાં રજુઆતો કરવા છતા કોઈજ નિવાડો ના આવતા ઈન્દીરાનગરના રહીશો દ્વારા મીડીયાનો સહારો લીધો હતો. તા. ૪-૪-૨૦૧૮ને બુધવારના રોજ ગાંધીનગર સમાચારમાં સમાચાર પ્રસિદ્ધ તાલુકા વિકાસ અધિકારી જે.એચ. કાપડીયા ને ધ્યાને આવતાં તાત્કાલીક અમીનપુર ખાતે દોડી આવી તલાટી તથા સરપંચ સાથે સ્થળ ઉપર જઈ રૂબરૂ ચર્ચાઓ કરી તાત્કાલીક ધોરણે સમસ્યાનો કાયમી ઉકેલ હલ લાવવા તથા જો ગટરલાઈન બ્લોક થઈ હોય તો નવીન ગ્રાન્ટ આપવા પણ જણાવ્યું હતું. છેલ્લાં છ મહિનાથી રજુઆતો કરવા છતા કામ ના થતા અચાનક ગટર સફાઈ સહિતની કામગીરી હાથ ધરવામાં આવતાં ઈન્દિરાનગરના રહીશોમાં પણ ખુશી જોવા મળી હતી.

# સાધ્વી જયશ્રીગીરીને પાલનપુર કોર્ટમાં રજૂ કરાયા, ૧૦ એપ્રિલ સુધીની મુદત

વડગામના મુક્તેશ્વર મહાદેવ મઠના સાધ્વી જયશ્રીગીરી સામે પાલનપુર, વડગામ અને અમદાવાદમાં છેતરપીંડી, પ્રોહિબિશન તેમજ ધાક-ધમકીના ગૂના નોંધાયા હતા. આ અંગે કોર્ટમાં ચાર્જસીટ થતાં તેણી ઉપર કોર્ટ કાર્યવાહી ચાલી રહી છે. જેમને પાલનપુરના છેતરપીંડીના ગૂનામાં અમદાવાદ સાબરમતી જેલમાંથી પાલનપુર કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી.



વડગામના મુક્તેશ્વર મઠના સાધ્વી જયશ્રીગીરી સામે પાલનપુરમાં પ્રોહિબિશન, મારામારી, ધાક- ધમકી તેમજ છેતરપીંડીના ગૂના નોંધાયા હતા. આ અંગે પૂર્વ અને પશ્ચિમ પોલીસે કોર્ટમાં ચાર્જશીટ કરતાં કેસ ચાલી રહ્યા છે. જેમાં વર્તમાન સમયે સુરક્ષાના કારણોસર જયશ્રીગીરીને અમદાવાદ સાબરમતી જેલમાં રાખવામાં આવી છે.

દરમિયાન પાલનપુરના પોલીસ મથકમાં ઈન્દિરાબહેન દ્વારા નોંધાવાયેલી છેતરપીંડી અને ધાક ધમકીના ગુનામાં સાધ્વી જયશ્રીગીરી તેમજ સહ આરોપી ચિરાગને ચૂસ્ત પોલીસ જાપ્તા સાથે પાલનપુરની ફસ્ટ જ્યુડીશીયલ કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા. જ્યાં ન્યાયાધીશે ન્યાયાધીશે ૧૦ એપ્રિલની મુદત આપી હતી.

# મોડાસા દેનાબેંકમાં બેંકનુ સ્લોગન "દેના હે તો ભરોસા હે" ગ્રાહકોનો ભરોસો ડગમગ્યો

**ગ્રાહકોને ૨૦ હજારથી વધુ રોકડ ન મળતા ભારે હાલાકી**

મોડાસા, તા. ૬

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં નોટબંધી પછી બેંકોને જાણે ગ્રહણ લાગ્યું હોય તેમ છાસવારે કેસ ખૂટી જતી હોવાની ઘટનાઓ સામે આવી રહી છે. બેંકના ખાતાધારકોને ખાતામાં છતા રૂપિયે ભીખ માંગવાનો વારો આવ્યો હોય તેવો અહેસાસ જીલ્લાના પ્રજાજનો ડગલેને પગલે અનુભવી રહ્યા છે. મોડાસા શહેરમાં આવેલી દેના બેંકના ખાતાધારકોને બેંકમાં રૂપિયા ન હોવાનું કારણ આપી ૨૦ હજાર રૂપિયાથી વધુ કેશ આપવાનો ધરાર ઈન્કાર કરવામાં આવતા ગ્રાહકોની હાલત કફોડી બની હતી. ગ્રાહકોમાં ઉગ્ર રોષ ફેલાયો હતો અને બેંકની કામગીરી સામે પણ પ્રશ્નાર્થ કરતા નજરે પડતા હતા.




મોડાસા શહેરમાં જીલ્લાની મુખ્ય બ્રાન્ચ એવી દેના બેંકમાં બેંકના સ્લોગન "દેના છે તો ભરોસો છે" ગ્રાહકો માટે દુવિધાજનક બન્યું હોય તેમ બેંકના ખાતાધારકોને તેમના બચત ખાતામાં હજારો, લાખ્ખો રૂપિયા પડ્યા હોવા છતા ૨૦ હજાર રૂપિયાથી વધુ એક ફદીયુ આપવાનો બેંક કર્મચારીઓએ ધરાર ઈન્કાર કરતા રૂપિયાની તાતી જરૂરિયાત ધરાવતા ગ્રાહકો ભરાઈ પડ્યા હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. દેના બેંક દ્વારા બેંકમાં કેશનો અભાવ હોવાનું ગ્રાહકોને રોકડું પરખાવી દેવામાં આવતા કેટલાય ગ્રાહકોના અગત્યના કામ સહીત આરોગ્યલક્ષી સારવાર પણ અટકી જતા અને હાલમાં લગ્નસરાની સીઝન ચાલતી હોવાથી મોડાસામાં બેંકમાં પડેલ નાણાંના ભરોસે ખરીદી કરવા આવેલા લોકોને ધરમધક્કો પડ્યો હતો અને ઉગ્ર રોષ સાથે ભારે નિરાશા વ્યાપી હતી અને બેંકે રોકડ રકમ ન હોવાનું કારણ ધરી અચાનક ના પાડી દેતા લોકોના કામ રૂપિયાના અભાવે ખોરંભે ચડ્યા હતા.

# વડગામ તાલુકાના પાંચડા ગામમાં એ.સી.બી.નું સફળ ઓપરેશન

**દેના ગુજરાત ગ્રામીણ બેંક પાંચડા શાખાના બ્રાન્ચ મેનેજરને લાંચ લેતા રંગે હાથ ઝડપયા**




વડગામ તાલુકાના પાંચડા ગામમાં આવેલ દેના ગુજરાત ગ્રામીણ બેંકના બ્રાન્ચ મેનેજર રૂપિયા ૫૦૦૦ ની લાંચ લેતા પાલનપુર એ.સી.બી ના હાથે ઝડપાઈ જતા વડગામ તાલુકામાં ચકચાર મચી જવા પામી છે.

પાંચડા ગામમાં આવેલ દેના ગુજરાત ગ્રામીણ બેંકના પાંચડા શાખાના મેનેજર કિરીટકુમાર ચંદુલાલ દોશી દ્વારા એક ખેડૂત પાસેથી લીધેલ પાક ધીરાણના સહાયના નાણાં આ વર્ષે નથી ભરવા તથા વ્યાજ ને મૂડીમાં મર્જ કરી લોનને રીન્યુ કરી આપવા તેમજ ઝીરો ટકા વ્યાજ વાળી સરકારી સ્કીમનો લાભ આપવા માટે રૂપિયા ૫૦૦૦ ની લાંચ પેટે માંગણી કરી હતી. જેથી ફરિયાદી દ્વારા પાલનપુર એ.સી.બીમાં ફરિયાદ આપતા શુક્રવારના બપોરના સમયે પાલનપુર એ.સી.બી એ છટકું ગોઠવી પાંચડા શાખમાં ફરજ બજાવતા મેનેજરને લાંચ લેતા રંગે હાથે ઝડપી લીધા હતા. ડીસા ના નાયબ કલેકટર લાંચ લેતા ઝડપાયા હતા તેની શાહી હજુ સુકાણી નથી ત્યાં આજે દેના ગુજરાત ગ્રામીણ બેંક ના મેનેજર લાંચ લેતા ઝડપાઈ જતા બનાસકાંઠા જીલ્લામાં ખળભળાટ મચી ગયો છે.

# મોડાસા નગરપાલિકાના બનાવેલ રોડના કામોમાં થયેલા ભ્રષ્ટાચાર : પોપડા ઉખડવા લાગ્યા

મોડાસા, તા. ૬

મોડાસા નગરની સ્થાનિક સ્વરાજયની સંસ્થા એવી નગરપાલિકાના કયાંય પણ વિકાસના કામ ચાલુ હોય ત્યાં ભ્રષ્ટાચારનો આક્ષેપ ન થાય તો જ નવાઈ ? મોડાસા નગરમાં કોલેજ કેમ્પસ તરફ જવાના ડી.પી રોડનું ત્યારે લોકોમાં ચર્ચાનું કેન્દ્ર રોડ બન્યો છે. લોકોના મનમાં અનેક પ્રશ્નો પેદા થયા છે કે આવુ કામ કરી સરકારી નાણાં વ્યય શુ કામ કરવામાં આવે છે ? આ કામ એટલુ કામચલાઉ, સરસરી અને તકલાદી કરવામાં આવ્યુ છે તે સ્થળ પર પ્રત્યક્ષ જોતા ખ્યાલ આવી શકે છે. તકલાદી હોય છે તેવુ લોકોમાં ચર્ચાઈ રહ્યુ છે.

આવા કામ થતાં હોય ત્યારે પાલિકાના અધિકારી હાજર રહેતા નથી અને આવા કામોની મુખ્ય અધિકારી પણ કયારેય મુલાકાત લેતા નથી. ઉપરી અધિકારીઓ અને સત્તાવાળા નહીં જાગે તો



રીસર્ફેસીંગનુ કામ બે માસ અગાઉ કરવામાં આવ્યુ હતુ. માત્ર બે જ મહિનામાં રોડ પર ખાડા પડી ગયા છે. આ કામમાં કોન્ટ્રાકટરોએ દાખવેલી બેદરકારી પ્રત્યે અધિકારીઓએ બેધ્યાની વર્ત્યાનું પણ સ્પષ્ટ જણાઈ રહ્યુ છે. રોડ બનાવવામાં ગુણવત્તા પર અધિકારીઓએ ધ્યાન નહીં અપાયાનું પહેલી નજરે લાગે છે.

રીસર્ફેસીંગના કામમાં હલકી ગુણવત્તાનું મટરીયલ અથવા નિયત કરતા ઓછુ વાપરવામાં આવ્યુ હોવાના કારણે સર્ફેશનું પડ એટલુ પાતળુ છે કે ભારે વાહનોનો લોડ સામે ટકી શકતુ નથી. હાલ પડેલા ખાડા ચાડી ખાય રહ્યા છે કે કોન્ટ્રાકટરે ક્યાંક તો ગડબડ કરી છે. પાલિકાના મોટાભાગના કામ આવા જ લોકોના પૈસાનું પાણી થતું જ રહેશે તેમાં બે મત નથી. રોડના તમામ કામોમાં ગેરંટી પીરીયડમાં હોવાથી તમામ સમારકામ કોન્ટ્રાક્ટરો પાસે મફતમાં કરાવી શકાય છે. આ કોન્ટ્રાકટર વિરુદ્ધ નગરપાલિકાના મુખ્ય અધિકારીએ સુઓ મોટો નોટીસ આપી રોડનું કામ ફરીથી કરાવવુ જોઈએ તેવી લોક માંગ પ્રબળ બની છે.

# ભિલોડાના ભાણમેર, જેતપુર, ધનસોર પંથકના ખેડુતોએ ધમકી બાબતે આવેદનપત્ર આપ્યું

ભિલોડા,તા.૬

વીજળીનો વપરાશ દિન-પ્રતિ-દિન વધી રહ્યો છે. વીજ માંગને પુરી કરવા માટે હાઈ વોલ્ટેજવાળી ટ્રાન્સમિશન લાઈનો નાખવાની કામગીરી પુરજોશમાં ઠેર-ઠેર ચાલી રહી છે. ખેડુતોના ખેતરોની ખેતીલાયક ફળદ્રુપ જમીનોનો મોટા પ્રમાણમાં ઉપયોગ થઈ રહ્યો છે. ખેડુતોને યોગ્ય અને ન્યાયિક રીતે જમીન અને પાકનું વળતર મળતું નથી. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના નિતી નિયમો પ્રમાણે કોન્ટ્રાક્ટરો યોગ્ય પાલન કરતા નથી ત્યારે ખેડુતોને આર્થિક રીતે નુકશાન સહન કરવાનો વારો આવી રહ્યો છે.

પાવર ગ્રીડ કંપની ધ્વારા ગુજરાત રાજ્યના બનાસકાંઠા જીલ્લાથી રાજસ્થાન રાજ્યના ચિત્તોડગઢ જીલ્લા સુધીની ૭૬૫ કે.વી.થી ૮૫૦ કે.વી.ની હેવી ડબલ સરકીટ વાળી વીજ લાઈન અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના આદિવાસી અનુસુચિત ક્ષેત્ર-૫ માંથી પસાર થઈ રહી છે. પાવર ગ્રીડ કંપનીના કોન્ટ્રાક્ટરો અને પરપ્રાંતિય ઈસમોએ જમીન બચાવો સંઘર્ષ સમિતિના અધ્યક્ષ અનિલકુમાર હડુલાને ધમકી આપતાં ખેડુતોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

પાવર ગ્રીડ કંપની ધ્વારા ગેરબંધારણીય,ગેરકાયદેસર રીતે ભિલોડા તાલુકાના અનુસુચિત ક્ષેત્ર-૫ માં વસવાટ કરતા ભાણમેર, ધનસોર, જેતપુર પંથકના આદિવાસી ખેડુતોની સંમતી વગર ફળદ્રુપ ખેતીલાયક જમીનો છીનવી લેવાની કોશીષ અને જમીન બચાવો સંઘર્ષ સમિતિના અધ્યક્ષનું અપહરણ કરવાની, જાનથી મારી નાખવાની,ખોટા કેસમાં ફસાવી દેવાની ગર્ભીત ધમકી પાવર ગ્રીડ કંપનીના પરપ્રાંતિય ઈસમોએ આપતાં મામલો ગરમાયો હતો. ખેડુતોએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. એમ. આર. સંગાડાને આવેદનપત્ર પાઠવ્યું હતું.



ભાણમેર પંથકના ખેડુતોના જણાવ્યા મુજબ પાવર ગ્રીડ કંપની ધ્વારા વર્ષ- ૨૦૧૭ થી હેવી વીજ લાઈનના ટાવરો ઉભા કરવાનું કામકાજ પુરજોશમાં ચાલી રહ્યું છે પરંતુ ખેડુતોના ખેતરોમાં ઉભો પાક બરબાદ કરી ખેડુતોની સંમતી વગર કામકાજ ચાલી રહ્યું છે જ્યારે ખેડુતો નુકશાની સંદર્ભે વળતર માટે માંગણી કરે તો ધાકધમકી આપી જેલમાં પુરી દેવાની કોન્ટ્રાક્ટરો ધમકી આપતા હોય છે. પાવર ગ્રીડ કંપની ધ્વારા હાલના તબક્કે વીજ લાઈનના ટાવરો બનાવવા માટે ફાઉન્ડેશનનું કામકાજ પુર્ણ કરેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ખેડુતોની આજીવિકા સમાન ખેતીલાયક જમીનો પર રેતી,કપચીના ઢગલા હોવાના કારણે ખેડુતો બરબાદીના પંથે ધકેલાઈ રહ્યા છે.વારંવાર રજુઆતો કરવા છતાં ખેડુતોને પાક વળતર, જમીનોનું વળતર મોટા ભાગે આજ દિન સુધી મળતું નથી.ખેડુતો ગાંધીચિધ્યા માર્ગે લડત આપશે તેવા એંધાણ વર્તાય રહ્યા છે.

## ડીસાના ધારાસભ્યની ગાડીને નડયો અકસ્માત

બનાસકાંઠા જિલ્લામાં અકસ્માતોની વણઝાર વચ્ચે આજે ડીસાના ધારાસભ્યની ગાડીને પણ અકસ્માત નડ્યો હતો.જોકે સદ્ ભાગ્યે આ



ઘટનામાં કોઈને ઈજા થઇ નથી.ડીસાના ધારાસભ્ય શશિકાન્તભાઈ પંડ્યા આજે ગુણોત્સવ કાર્યક્રમોમાં હાજરી આપી ડીસા પરત આવી રહ્યા હતા.એ વખતે ડીસા નજીક તેમની ગાડીને અકસ્માત નડ્યો હતો.ડીસા નજીક બનાસ નદીના પુલ પાસે ધારાસભ્ય શશિકાન્તભાઈ પંડ્યાની ઈનોવા ગાડીને સ્કોર્પિયો ચાલકે પાછળથી ટક્કર મારી હતી.જોકે આ ઘટનામાં સદનસીબે ધારાસભ્ય કે અન્ય કોઈને ઈજા થઇ નથી. આ ઘટનના બાદ ધારાસભ્ય શશિકાન્તભાઈ પંડ્યાએ પણ તેમનો આબાદ બચાવ થયો એ બદલ પ્રભુનો પાડ માન્યો હતો.

# ડીસામાં રાજસ્થાની દંપતીની અઢી લાખની રોકડ ભરેલી બેગની તફડંચી

ડીસા

બનાસકાંઠામાં ગુનાખોરીના ઉચકાતા જયાં ગ્રાફ વચ્ચે ડીસામાં રાજસ્થાનથી આંખો બતાવવા




આવેલા દંપતીની નજર ચૂકવી કોઈ અજાણ્યા શખ્સો અઢી લાખની રોકડ રકમ ભરેલી બેગની ઉઠાંતરી કરી ગયા છે.. જોકે આ બર્ગની ઉઠાંતરી કરનાર શખ્સો સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા છે.

આ ઘટનાની વિગતો કઈક એવી છે કે રાજસ્થાનના બાડમેર જીલ્લાના ધોરીમન્ના તાલુકાના અરનીયાલ ગામના દેવીલાલ સોની તેમનાં પત્ની લેહરીબેન સોનીની આંખોની તપાસ કરાવવા માટે શુક્રવારે ડીસા આવ્યા હતા. આ દંપતી રસ્તામાં એક હોટલમાં જમવા રોકાયા બાદ પરત ટેક્ષીમાં બેઠા ત્યારે તેમની સાથે અન્ય ત્રણ ચાર અજાણ્યા લોકો પણ તેમની સાથે ટેક્ષીમાં બેઠા હતા.. ત્યારબાદ આ દંપતી ડીસા આવીને આંખોની તપાસ કરાવ્યા બાદ ડીસા શહેરના દક્ષીણ પોલીસ મથક નજીક આવેલ રીન્કુ ચશ્માંઘર નામની દુકાન પર ચશ્માંની ખરીદી કરવા ગયા હતા. જોકે ચશ્માની ખરીદી કરતી વખતે




દેવીલાલે તેમનું પર્સ દુકાનમાં પડેલા સોફા પર મુક્યું હતું.જોકે થોડીવાર બાદ દુકાનમાં ઘુસેલા કેટલાક અજાણ્યા શખ્સો સોફા પર મુકેલી બેગને ઉઠાવી છુમંતર થઈ ગયા હતા.આ બેગમાં દેવીલાલ સોનીની બે લાખ પંચાવન હજારની રોકડ રકમ અને પિસ્તાલીસ હજારની કિંમતનો કોરો ચેક પણ હતો. દેવીલાલ તેમની પત્નીની આંખોની તપાસ કરાવ્યા બાદ દાગીના ખરીદવા માટે આટલી મોટી રકમ લઈને આવ્યા હતા અને તેમને ચીલ ઝડપનો ભોગ બનવાનો વારો આવ્યો હતો.

જોકે દેવીલાલ સોની સાથે ઘટેલી આ ઘટનાની આખી વિગત દુકાનમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. આ ઉપરાંત આ વિસ્તારમાં આવેલી અન્ય એક દુકાનમાં પણ આ શખ્સ બેગ લઈને ફરાર થતો દેખાઈ રહ્યો છે. ત્યારે પોલીસ હવે આ ઘટનાનો ભેદ કેટલા સમયમાં ઉકેલવામાં સફળ રહે છે તે જોવું રહ્યું...!

# બનાસકાંઠામાં ખાનગી દૂધની ડેરીઓમાંથી સેમ્પલ લેવાયા

**દૂધમાં મિલાવટ થતી હોવાની વ્યાપક ફરિયાદો બાદ તંત્ર જાગ્યું**

રાજ્યભરમાં ખાનગી દૂધ ડેરીઓ દ્વારા વેચાણ થતા દૂધમાં મિલાવટ કરવામાં આવતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. ત્યારે કુંભકર્ણ ની ગાઢ નિદ્રામાં પોઢેલા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગએ સફાળા જાગી રાજ્ય વ્યાપી દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં પણ પાલનપુર સહિત ના સ્થળોએ ઓચિંતી તપાસ હાથ ધરી દૂધના સેમ્પલ લેવામાં આવ્યા હતા. આ કાર્યવાહીના પગલે વેપારીઓમાં ભારે ફફડાટ પ્રસરી ગયો હતો.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં ખાનગી દૂધની ડેરીઓ કાર્યરત છે. જેઓ પશુપાલકો પાસેથી ઉંચા ભાવે દૂધની ખરીદી કરી તેમાં પાણી સહિતની મિલાવટ કરી વેચાણ કરતા હોવાની બુમરાડ ઉઠવા પામી હતી. દરમિયાન ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ગુરૂવારે રાજ્યવ્યાપી દરોડાની કાર્યવાહી અંતર્ગત બનાસકાંઠામાં પણ આવી ખાનગી દૂધ ડેરીઓમાં ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી. આ અંગે બનાસકાંઠા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારી ડી. બી. પ્રજાપતિ અને પી. એસ. પટેલે જણાવ્યું હતુ કે, પાલનપુર ઉપરાંત વડગામ, ડીસામાં પાંચથી વધુ ખાનગી દૂધ ડેરીઓમાં તપાસ કરવામાં આવી છે. જ્યાંથી દૂધના સેમ્પલ તપાસ અર્થે લઈ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. જો આ સેમ્પલમાં મિલાવટ હોવાનું ફલિત થશે તો દૂધ ડેરીના સંચાલકો ઉપર કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# લાટીવાળા ડીએલએડ કોલેજનો દિક્ષાંત સમારોહ યોજાયો

મોડાસા, તા. ૬

લાટીવાળા ડી.એલ.એડ. કોલેજમાં સોળમો દિક્ષાંત સમારોહમાં મંડળના ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ વી. શાહના અધ્યક્ષસ્થાને ઉજવાયો. શિક્ષકો સમાજની ધરોહર છે. તે પ્રામાણિક, નિષ્ઠાવાન અને પરીશ્રમી હોય તે આવશ્યક છે. કોલેજ દ્વારા વર્ષ દરમિયાન મૂલ્યસિંચનના અનેક પ્રયત્નો અને પ્રયોગો થયા છે. શિક્ષકોએ કરેલા કાર્યને અને સિદ્ધિઓને બિરદાવવાના આ અનોખા કાર્યક્રમમાં ઉદ્દ્ઘાટક તરીકે અરવલ્લી-મોડાસાના પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ. એ.કે. મોઢ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્દ્ઘાટક અને વક્તા તરીકે જાણીતા સુવિખ્યાત કેળવણીકાર ડૉ. મોતીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. અતિથિ વિશેષ તરીકે આર્ટસ કોલેજ મોડાસાના આચાર્ય ડૉ. દીપક એચ. જોશી અને પ્રભારી મંત્રી તથા મંડળના ઉપપ્રમુખ સુભાષભાઈ શાહે ખાસ હાજરી આપી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના આચાર્ય ડૉ. સંતોષ દેવકરે મહાનુભાવોને પોતાની આગવી શૈલીમાં આવકાર આપ્યો હતો. પધારેલ મહાનુભાવોનું ડૉ. સંતોષ દેવકર દ્વારા લિખિત તાજેતરમાં પ્રકાશિત પુસ્તક મધુવનની મહેક દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થિની રીશા દેસાઈ દ્વારા 'હૃદય બોલે છે' માં તમામ વિદ્યાર્થીઓ વતી બે વર્ષ દરમિયાન અનુભવેલા સ્પંદનોને વ્યકત કરવામાં આવ્યા હતા. સમગ્ર કોલેજની પ્રવૃત્તિઓનો અહેવાલ હાઈટેક દ્વારા પ્રા. રાજેશ પરમાર દ્વારા રજુ કરવામાં આવ્યો હતો. મહાનુભાવોએ પ્રાસંગિક ઉદ્દ્બોધનો કર્યા હતા. કાર્યક્રમના બીજા સેશનમાં વિદ્યાર્થીઓ દ્વારા




સાંસ્કૃતિક કાર્યક્રમની સુંદર રજૂઆત કરવામાં આવી હતી.

કાર્યક્રમનું સંચાલન પ્રા. વ્રજેશ પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા મુકુન્દ શાહ, પ્રા. ગીતાબેન નિનામા તથા કોલેજ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

# ખેડબ્રહ્મા શહેરમાં બાઇક સવારો બન્યા બેફામ

ખેડબ્રહ્મા, તા. ૬

ખેડબ્રહ્મા શહેરમા રાત્રે પગપાળા ફરવા નીકળતા લોકો શહેરમા રાત્રી દરમ્યાન લટાર મારવા નીકળ્યા કરે છે. તો બીજી તરફ કેટલાક અસામાજિક તત્વો દ્વારા રાત્રે બાઈક રેસ લગાવવામા આવે છે. જેમને લઈ રાત્રે ફરવા માટે નીકળતા લોકોમા ફફડાટ ફેલાયો છે.

અગાઉ પણ આ બાબતે વાસણા રોડ પર અકસ્માત સર્જાયા છે. કેટલાક લોકોને હાથ પગ તોડવાનો વારો આવ્યો છે. કેટલાક લોકોએ જાન ગુમાવ્યા છે. આ બાબતે પ્રજાલક્ષી વલણ અપનાવી કઈક ઘટતુ કરવામા આવે એવુ પ્રજા ઈચ્છી રહી છે. આ બાબતે શહેરના નાગરીકો વેપારી મીત્રો અને મોટા વેપારીઓએ જીલ્લા પોલીસ વડા સૌરભસિંહને લોક દરબાર યોજાયો હતો તે દિવસે રજૂઆત કરી હતી પણ પરીણામ શુન્ય આવ્યુ.